॥ શ્રી રામકબીર સત્ય છે ॥

# સ્વજન સંભારણું

પ્રથમ બન્દુ સદ્‌ગુરુ ચરણ, જિન અગમ ગમ્ય લખાઈયા।
ગુરુ જ્ઞાન દિપ પ્રકાશ કર, પટ ખોલ દરશ દિખાઈયા॥

ગુરુ ગોવિંદ દોનો ખડે, કાહેકો લાગુ પાય
બલિહારી ગુરુ આપની, ગોવિંદ દિયો બતાય ॥

પ્રકાશક

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ

ખાંગડશેરી • બેગમપુરા • સુરત-૩૯૫૦૦૩

• સ્વજન સંભારણું

• પ્રત : ૩૨૦૦

• મૂલ્ય : સદ્‌ભાવ અને શ્રદ્ધા

• સૌજન્ય : સ્વ. કરસનભાઈ ઉર્ફે ભીખાભાઈ નાથુભાઈ
ભક્ત (ઓરણા)–પરિવારવૃંદ


• પ્રકાશક : શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ,
બેગમપુરા, ખાંગડશેરી સુરત–૩૯૫૦૦૩

• મુદ્રક : નટુભાઈ પટેલ · રોનક પ્રિન્ટર્સ
બારડોલી–૩૯૪૬૦૧ ફોન : ૧૦૮૫

અમે આભારી છીએ.......

આ પુસ્તિકાની પ્રસિદ્ધિ યાત્રામાં સહભાગી થનાર રામકબીર ભક્ત સમાજના પ્રમુખ-ટ્રસ્ટી શ્રી કરસનભાઈ ભકત 'કબીરવાણી'ના કન્વિનર ટ્રસ્ટી શ્રી ડાહ્યાભાઈ ભકત, તંત્રીશ્રી ભરતભાઈ ભકત અને ઓરણાના શ્રી ઇશ્વરભાઇ ભકત, શ્રી હસમુખભાઈ ભકત, શ્રી અરવિંદભાઈ ભકત, શ્રી ભરતભાઇ ભકત, શ્રી ગોપાળભાઇ ભકત તેમજ ઓરણા યુવક પરિવાર તથા મહિલા પરિવાર અને મુદ્રક શ્રી નટુભાઇ પટેલનો સતત માર્ગદર્શન આપવા બદલ......

અને સમગ્ર ભકત સમાજના ભાઈ બહેનોના ગુણાનુરાગી છીએ.



શ્રી સદ્‌ગુરુ કબીરસાહેબ


# મૃત્યુપંથે જનાર પ્રત્યેનું આપણું કર્તવ્ય

જ્યારે જ્યારે કોઈનું પણ મૃત્યુ નજીકમાં દેખાતું હોય ત્યારે તેને માટે આસક્ત બની, શોકાકુલ થઈ એને દુન્યવી માયા મમતાના બંધનોથી બાંધવા મથવું યોગ્ય નથી.

'મારા જીવનમાં જ્યારે જ્યારે કોઈનું પણ મૃત્યુ નિકટ છે એમ મને જણાયું છે, જ્યારે જ્યારે એના ઊગરવાની હવે કંઈ જ આશા નથી એમ મેં જોયું છે, ત્યારે ત્યારે મારી સમગ્ર શક્તિને એકત્ર કરી મનોમન પ્રાર્થના કરતાં મેં કહ્યું છે કે 'જા, તને મુક્તિ આપું છું. જા, સુખેથી તારે નિર્દિષ્ટ પંથે પળ.' મારા પોતાના સંતાનોને પણ વળગી રહેવા મેં ઈચ્છા રાકી નથી. જવાનું જો નક્કી જ છે તો આપણી આસકિત, આપણી વેદના એને આ મર્ત્યલોક સાથે બાંધી ન રાખો, એ બંધનોમાંથી છૂટવા એણે કષ્ટાવું ન પડે, એનો પંથ સુગમ અને સરળ બનો. ત્યાગ જ જ્યારે મંગળ છે ત્યારે

નિરાસકત થઈ ત્યાગ કરવો એજ યોગ્ય છે. ભાવિ ઘટના-પ્રવાહ ભલે આપણા કાબૂમાં ન હોય પરંતુ આપણે પોતે આપણા કાબૂમાં રહી શકીએ -અવશ્યભાવી સાથે કદી દલીલો કરી નથી જે અવશ્યમ્ભાવી છે તે ચાહે તેટલું અપ્રિય હોય કે ગમે તેટલું વેદનાદાયી હોય- તેની સામે ઝઝૂમીને જખમી થવામાં કંઈ લાભ નથી, ત્યાં તો નમ્રતાપૂર્વક એનો વિજય જ સ્વીકારવો ઘટે. એમાં જ કલ્યાણ છે. મારા મૃત્યુ સમયે જો તું પાસે હો તો આકુળ બની રુદન કરીને મને પોકાર ન પાડતી, પણ અંતરથી મને વિદાય આપજે. મૃત્યુને પંથે પળનાર પ્રત્યેનું આપણું સૌથી મોટું કર્તવ્ય એ જ છે એમ હું માનું છું.





સ્વ. નાથુભાઈ પરસોત્તમભાઈ ભકત

અવસાન તા. ૫-૧૨-૧૯૬૦



સ્વ. ડાહીબેન નાથુભાઈ ભકત

જન્મ તા. ૧૫-૬-૧૯૧૧ અવસાન તા. ૧૪-૯-૧૯૮૦

અંતર મમ વિકસિત કરો, અંતરતર હે
નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુન્દર કરો હે
જાગૃત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ કરો, નિરસંશય કરો હે
યુક્ત કરો હે સાબાર સંગે, મુક્ત કરો હે બંધ
સંચાર કરો સકલ કર્મે શાન્ત તોમાર છંદ
ચરણ પદ્મ મમ ચિત્ત નિસ્પંદિત કરો હે
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે.

રવીન્દ્રનાથ ટાગોર

★ ★ ★

સર્વદા ઈશ્વર તરફ મન વળેલું રાખવું, તેમના મોં તરફ જોઈ રહેવું અને સમસ્ત કર્તવ્યને તેમનું કામ માની ધૈર્યપૂર્વક આનંદની સાથે કર્યે જવું- એ સિવાય સંસારમાં શાંતિનો બીજો શો ઉપાય છે તે હું જાણતો નથી.

રવીન્દ્રનાથ ટાગોર

★ ★ ★

# શ્રદ્ધા પુષ્પ

લિ. અમો છીએ ગુણાનુરાગી

ગં. સ્વ. ગુલાબબેન કરસનભાઈ ભકત

હંસાબેન ભરતભાઈ ભકત ● ભરતભાઈ કરસનભાઈ ભકત

ચિ. દિપ્તી - ચિ. ચિરાગ

કિર્તીબેન પ્રફુલ્લભાઈ ભકત ● પ્રફુલ્લભાઈ કરસનભાઈ ભકત

ચિ. સ્મૃતિ - ચિ. ચાંદની

લતાબેન ગુણવંતભાઈ ભકત ● ગુણવંતભાઈ કરસનભાઈ ભકત

ચિ. પ્રણવ - ચિ. ખુશ્બુ

હિનાબેન દિલીપભાઈ ભકત ● દિલીપભાઈ કરસનભાઈ ભકત

ચિ. બિંદીયા - ચિ. મોસમી

લક્ષ્મીબેન કરસનભાઈ ભકત ● જગદીશભાઈ મગનભાઈ ભકત

ચિ. ભાવિશા - ચિ. નિકિતા - ચિ. દર્શીતા

ચિ. ભામિની - ચિ. વિતેશ

શારદાબેન સીતારામભાઈ ભકત ● સીતારામભાઈ નાથુભાઈ ભકત

જ્યોતિબેન હિતેન્દ્રભાઈ ભકત ● હિતેન્દ્રભાઈ સીતારામભાઈ ભકત

ચિ. દેવેન

સુનિતાબેન મુકેશભાઈ ભકત ● મુકેશભાઈ સીતારામભાઈ ભકત

ચિ. પાયલ

પ્રકાશકુમાર સીતારામભાઈ ભકત



સ્વ. કરસનભાઇ નાથુભાઇ ભકત

જન્મ તા. ૯-૩-૧૯૩૦ અવસાન તા. ૧૩-૧૨-૧૯૮૬

# આવકાર

ઓરણા ગામના દાનવીર સપૂતોમાં દરેક સંસ્થાઓની વિકાસશીલ યાત્રામાં અનન્ય ફાળો આપનાર સ્વ. નાથુભાઈ પરસોત્તમભાઈ ભકતનું નામ સદાય ઈતિહાસનાં પૃષ્ઠો ઉપર અંકિત રહેશે. સ્વ. નાથુભાઈ ભકત નિખાલસ, અન્યના દુઃખોના હમદર્દી બનવા સદા તત્પર એવા વિરલ વ્યકિત હતા. શિક્ષણ અને સહકારી ક્ષેત્રે તેમણે કરેલી સેવા સદા યાદ રહેશે. ઓરણા ગામે સહકારી મંડળીના સ્થાપક તરીકે તથા રમણભાઈ સાર્વજનિક વિદ્યાલય માટે જરૂરિયાતવાળી ભૂમિનું ભૂમિદાન કરીને તેમણે બંને સંસ્થાઓના ભામાશા તરીકે પોતાનું ઉમદા યોગદાન આપ્યું હતું. ઘરના વાતાવરણમાંથી સંસ્કાર અને સંપત્તિ દાનના આગવા લક્ષણો આ કુટુંબ પાસે હતાં. તેમના સુપુત્રોમાં સ્વ. કરસનભાઈ તથા નાના- ના દુલારા નામથી જાણીતા હાલ અમેરિકા સ્થાયી શ્રીયુત સીતારામભાઈ ભકત સમાજના મરણપ્રસંગોમાં કાયમ ગવાતા કીર્તન- આરતી અને બહેનોના ભજનોનો સંગ્રહ એમના કુટુંબીજનો સ્વ. કરસનભાઈ અને એમના માતા-પિતાની સ્મૃતિને ચિરંજીવ રાખવા પુસ્તિકા સ્વરૂપે

પ્રગટ કરી રહ્યા છે ત્યારે આ કુટુંબનો આછેરો પરિચય મેળવવો યોગ્ય લેખાશે.

સ્વ. નાથુદાદાના પુત્ર સ્વ.કરસનભાઈનો જન્મ માર્ચ મહિનાની નવમી તારીખે ૧૯૩૦માં ઓરણા ગામે થયો. સુખી કુટુંબ હોવાથી બાળપણ સારી રીતે વિતાવ્યું. તેમના પિતા નાથુદાદા સમાજની અન્ય જવાબદારી વહન કરતા હોવાથી ઓછા શિક્ષણે તેમણે કરસનભાઈને ખેતીની જવાબદારી યુવાન વયે જ સોંપી. એમને મળેલ સંસ્કારના વારસામાં તેઓના માતા ડાહીબેન તેમજ શામબેનનો મોટો ફાળો હતો. કરસનભાઈ સ્વભાવે પરગજુ હોવા ઉપરાંત ઓછા શિક્ષણની ઊણપ તેઓએ જરાયે આવવા દીધી ન હતી. ગામ વિકાસ કાર્યોની જવાબદારી તેઓએ સારી રીતે નભાવી જાણી હતી. તેઓ ઓરણા કેળવણી મંડળના ટ્રસ્ટી, પ્રસૂતિગૃહના ટ્રસ્ટી, ઓરણા સહકારી મંડળીના કારોબારી સભ્ય, પુસ્તકાલયના મંત્રી જેવા વિવિધ હોદ્દાઓને તેઓએ સંતોષજનક ન્યાય આપી જાહેરક્ષેત્રે પોતાની પ્રતિભા ઉપસાવી હતી.

પિતાના સંસ્કાર સિંચનથી પ્રાપ્ત દાનવીર તરીકેની પ્રતિભા સ્વરૂપે તેમણે જુદી જુદી સંસ્થાઓને

મદદરૂપે તથા વિકાસ માટે સારી એવી રકમ આપીને કુટુંબની પ્રણાલીને જાળવી રાખી હતી. આ ઉપરાંત ધાર્મિક, આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ લઈને તેઓ પોતાના કાર્યો કરતા રહ્યા. હસમુખા સ્વભાવને કારણે ઘર, ગામ તથા બીજા સંબંધિત વર્ગોમાં તેઓએ તેમનું નામ રોશન કર્યું. નાનપણથી જ અથાગ પરિશ્રમ, સાહસિકવૃત્તિને કારણે બહોળી ખેતીને વ્યવસ્થિત કરી એક આદર્શ ખેડૂત તરીકે ઉત્પાદક વર્ગમાં સારી છાપ ઉપસાવી હતી.

ભકત સમાજ ઉમદા આદર્શોનો સંગમ એમના ઘરમાં હોવાથી તેઓને ત્યાં આવનાર અતિથિને ધર્મપત્ની ગુલાબબેનના સહયોગથી સારો આતિથ્ય સત્કાર પ્રાપ્ત થતો. શિક્ષણ પ્રત્યેની પ્રીતિને કારણે તેઓએ તેમના પુત્રોમાં કેળવણીના ઉચ્ચ આદર્શો સ્થાપ્યા હોવાથી તેઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવવા સફળ પ્રયત્નો કર્યા. આજે તેમની ભાવનાનાં મીઠાં ફળો આ કુટુંબને મળી રહ્યાં છે. તેમના ચારેય પુત્રો અને એક પુત્રીએ કેળવણીક્ષેત્રે ડીગ્રી પ્રાપ્ત કરી સફળ સંચાલકો તરીકે યોગ્ય વ્યવસાય પસંદ કરી સફળતા પ્રાપ્ત કરી છે.

સંસારની જવાબદારીમાંથી નિવૃત્તિ તરફ તેઓએ

પ્રયાણ કર્યું. છેવટના વર્ષો તેઓએ તેમના પુત્રો કે જે અમેરિકા સ્થાયી છે તેમની સાથે ગુજાર્યા. શારીરિક નાદુરસ્તીને લીધે તથા ડાયાબીટીશના રોગને કારણે તેઓની તંદુરસ્તી કથળતી હતી. અચાનક બીજી વખતના હાર્ટએટેકના હુમલામાં તેઓનું પ્રભુ સમીપ આગમન થયું. એક વિરાટ વ્યકિતત્વનો સિતારો અવનિમાંથી અદૃશ્ય થયો. તેમના ચિરંજીવ આત્માને પ્રભુ દ્વારા પરમ શાંતિ મળે તે હેતુથી આ પુસ્તિકામાં તેમને શ્રધ્ધાંજલિ અપાય છે ત્યારે પ્રાર્થના સહ પ્રભુ-વંદના સહ તેમના આત્માને પ્રભુ મુકિત અર્પશે જ તેવા દઢ વિશ્વાસ સહિત શાંતિ પ્રાર્થના કરી વિરમું છું.

ફરીથી પુસ્તિકામાં રજૂ થયેલાં કીર્તન-ભજનોની આ કૃતિ ભકત સમાજની આત્મીય કૃતિ બની રહી સર્વને ઉપયોગી સાબિત થતી રહેશે એવી પ્રભુ અભ્યર્થના સહ સૌને રામકબીર.

લિ.

**કરસનભાઈ લ. ભક્ત**

પ્રમુખશ્રી તથા ટ્રસ્ટી મંડળ

ગોડી : (આરતી સમયે શરૂઆતમાં ગાવાનાં પદો)

## ગોડી - ૧

શ્રી ગુરુને પાયે લાગું, પહેલા વહેલા શ્રી ગુરુને પાયે લાગું,
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કાંઈ ન માગું...ટેક.

દીયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મલ થાય,
ત્રિવિધ તાપ મત્સર મોહ મમતા, વિકાર સઘળો જાય.....૧

ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ,
ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ.....૨

વેદ, પુરાણ, ભાગવત બોલે, જેને હોયે ગુરુજીનો દૃઢ વિશ્વાસ,
શ્રી ગુરુ નારાયણ તેને મળશે, કહે જન વૈષ્ણવદાસ....૩



# ગોડી - ૨

બહુત ભલો હૈ ભાઈ, અવસર બહુત ભલો હૈ,
મનષા દેહ દેવતાકો દુર્લભ, સો દેહી તેં પાઈ....ટેક

તજ પાખંડ અવિદ્યા પ્રપંચ, છોડ ગુમાન બડાઈ,
માત તાત સ્વાર્થ કે લોભી, માયા જાળ બંધાઈ....૧

જબ લગ જરા નિકટ નહીં તેરે, લે ગુરુ જ્ઞાન બડાઈ,
સંત સંગત મિલી ભજો ભગવંત, સો હી સકલ સુખદાઈ....૨

કહું પોકાર ચેત નર અંધે આ તન એળે ગુમાઈ,
કહે કબીર દેહી કાચકો કુંપો, બિન સત બેર ન લાઈ...૩

# ગોડી - ૩

કાહે ન મંગલ ગાયે જશોદા મૈયા, કાહે ન મંગલ ગાયે,
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સો તેરી ધેનુ ચરાવે...ટેક.

કોટિ કોટિ બ્રહ્માંડના કર્તા, જપ તપ ધ્યાન ન આવે,
ના જાણું એ કોન પુન્યસે, તાકો ગોદ ખિલાવે....૧

બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર, નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ત્ર મુખે જપે નિરંતર, સો તાકો પાર ન પાવે....૨

સુંદર વદન કમલ દલ લોચન, ગૌધેનુ કે સંગે આવે,
આરતી કરત જશોદા મૈયા, કબીરજી દર્શન પાવે...૩

# ગોડી - ૪

ભક્તિ સત્ગુરુએ આની, સંતો ભાઈ ભક્તિ સત્ગુરુએ આવી
પાષાણ ફોડ ગંગા જલ પ્રગટે, હો ગઈ નવખંડ પાની.....ટેક.

એ પાની મેં દોઉં પર્વત ડુબે, સાહેર સુરતી સમાની,
મચ્છી જાય સરોવર બૈઠે, બોલે અમૃત વાણી...૧

જહાઁ મચ્છી તહાઁ મચ્છા નાંહી, ગર્ભ રહ્યો વિના પાની,
નારી એક પુરુષ દોઉ જાયે, બુઝે વિરલા જ્ઞાની....૨

નાર પુરુષ મિલી સબ યુગ ખાયો, તહાઁ મેં રહું અકેલા
કહે કબીર એ પદ હી વિચારો, સોહી ગુરુ હમ ચેલા...૩



# ગોડી - ૫

ખેલત ચારોભાઈ, શ્રી આંગનામે ખેલત ચારો ભાઈ,
રામ હી લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, શોભા વરણી ન જાઈ... શ્રી આંગનામે
ચાર રત્નો ખેલ રચ્યો હૈ, ફૂલન કી ગેંદ બનાઈ,
તીન લોક જાકે સકલ સંપ્રદા, અવધપુરી ચલી આઈ...શ્રી આંગનામે
ઠેર ઠેર મુનિજન કે આશ્રમ, બૈઠે ધ્યાન લગાઈ,
રાજા દશરથ ઘેર નૌબત બાજે, ઘેર ઘેર બાજત વધાઈ...શ્રી આંગનમે
શિવ સનકાદિક ઔર બ્રહ્માદિક, શેષ સહસ્ત્ર મુખે ગાવે,
કીટ મુગટ  કર ધનુષ બિરાજે, દશરથ સુત રઘુરાઈ... શ્રી આંગનામે
કનક ભુવનમેં રત્ન સિંહાસન, ત્યાં બૈઠે રઘુરાઈ,
માત કૌશલ્યા કરત આરતી, આનંદ ઉર સમાઈ... શ્રી આંગનમે
સરયુકે તીર અયોધ્યા નગરી, અપને હાથ બનાઈ,
તુલસીદાસ કહે ધન કૌશલ્યા, ભાગ્ય બડો જીન પાઈ...શ્રી આંગનમે

● ● ●

# ગોડી - ૬

ગૌચારી ઘેર આવે શામળિયો વ્હાલો ગૌચારી ઘેર આવે
પીંઢારો પરવર્યો મોહન, મધુરી શી મુરલી બજાવે...શામળિયો

ગળે ગુંજામણીનો હાર મનોહર, મોર મુગટ શિર શોહે,
શ્યામ તણી સુંદરતા જોઈને, વ્રજનારીના મન મોહે...શામળિયો

અગર ચંદનના સેર દેવડાવું, મોતીના ચોક પુરાવું,
નરસૈંઈના સ્વામી મારે મંદિરે પધારો, શેરીએ ફૂલડાં વેરાવું...શામળિયો



# આરતી - ૧

આરતી હો, દેવ શિરોમણિ તેરી, અવિગત વિગત જુગત નહીં જાણું;
કર્યો પહોંચ બુધ મેરી, આરતી હો દેવ શિરોમણિ તેરી...ટેક.
નિરાકાર નિર્લેપ નિરંજન, ગુણ અતીત તુમ દેવા;
જ્ઞાન ધ્યાન સે રહે ન્યારા, કિસવિધ કીજે સેવા...
આરતી..૧

નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે,
શંકર ધ્યાન વરે નીશીબાસર, સો ભી અગમ બતાવે...
આરતી..૨

સબ ગાયે અનુમાન આપણે, તમ ગતિ લખીએ ન જાય,
કહે કબીર કૃપા કરી જન પર, જ્યોં હૈ ત્યોં સમજાયે...
આરતી..૩

# આરતી- ૨

શ્રી પદ્મનાભ પરિ બ્રહ્મ પુરુષોત્તમ પેઢે નહિ રે,
હરિ અવિગત ગોવિંદ સંતજી રે સહાય કરો શ્રીપતિ ધણી રે,
હરિ ચત્રુભુજ શ્યામલ વર્ણ, સારંગધર સોહામણો રે,
હરિ કુંવડેલો વૈકુંઠ નાથજી રે, દુક્રીત હરણ દામોદર રે,
હરિ નિરંજન નિરાકાર, નિષ્કલંક પુરુષે આરાધીયે રે,
ધન ગાયે દ્વારીકા નાથજી રે, શ્યામલ વર્ણ સોહામણો રે,
હરિ સેવ્યો સમર્થ સાર, પાર એનો કોઈ નવ લહે રે,
હરિ સોહે છે અવિનાથ વ્હાલો, વાસ આપે વૈકુંઠ ધણી રે,
હરિ માધવ મુકુંદ મોરાર , મહાદેવ સોહામણો રે,
હરિ ભકિત મુકિત દાતાર લ્યો રે, નારાયણ છે નિર્મલો રે,
સદા સારંગધર શું વિચાર, પાર લૈ કાનૈયો આત્મા રે,
આવી વેગે મળ્યો વિશ્વાસ, તારોની, ત્રિભોવન ટળવળે રે,
જીવ તો મોહ્યા છે કુલમાં કલિકાલે જીવ જંપીએ રે,

હરિ વિના ન લહે શ્વાસ, શ્વાસ સદા સારંગધર રે,
સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટયો રે,
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, વ્હાલો વૈષ્ણવજન માંહી પરવર્યો રે,
હરિનો વર્ત્યો જય જયકાર, સાર બોલોની હવે સાચા ધણીનો રે,
હરિનો આવ્યો જ્યારે મન વિશ્વાસ, ત્યારે પાસ છૂટયા ખાણનારે
હરિ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમ્હારો વિનવે રે,
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમર્થ ધણી સંતે સેવ્યો રે.

## દોહરો

આદિ અનાદિ એક તું, સ્થાવર જંગમ તારું નામ.
તું અમર ને તારું નામ, સકલ વૈષ્ણવને પ્રણામ.

કીર્તનનાં પદો

(સવારના ૮ થી ૧૧ના સમય દરમ્યાન પુરુષોએ ગાવાનાં પદો)

(રાગ : માંટી આશાવરી)

## પદ (૧)

રામ રાય મનકી આશા પાઉ, તાસે કાયા નગર બસાઉં...ટેક.

સોલા ખાઈ દશ દરવાજા, બાવન બન્યા હૈ કીંગોરા
ત્રણસે સાંઠ વાકો શિરા લગા, કોટ બન્યા ચોફેરા....૧

પાંચ પ્રધાન કિયે વશ અપને, પ્રજા દુઃખી ન હોય
ચેતન પુરુષ કરે કોટવાળી, નગર ન લૂંટે કોઈ...૨

ગઢ પર રાજા રાજ કરત હૈ, નિશ દિન પૂરત દુહાઈ
કામ ક્રોધ દોઉં ગરદન મારે, ઐસી અદલ ચલાઈ...૩

જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઓ
દાસ કબીર ચઢે ગઢ ઉપર, જીત નિશાન બજાઈ...૪

# પદ (૨)

## (રાગ : મોટી આશાવરી)

કબીર હરિ રંગ લાગા હો, તાંસે મેરા મનકા ધોખા ભાગા હો
કોઈ કહે હરિ જોગી જંગમ, કોઈ કહે કછુ નાહિ...
હમ તુમ દેખો હૃદીયા ભીતર, તુમ દેખો સબ માંહી...૧

અલખ રૂપ ગુણ લખ ન જાય, અંજન રાતા લોઈ
એક વેળ મન દઢ કરી રાખો, તો નિશ્ચે દર્શન હોય...૨

સેજ સુનમેં રૈન અમારી, તત્ત્વ દેખી મન લાગા
આપ મધ્યે આપ હિ દેખા, ઈસ વિધ સંશય ભાગા...૩

કહેત કબીર એક મત પાયા, કાયા નગર મોઝારી
તુમ સાહેબ હમ સેવક તેરા, તારન તરન મોરારી...૪



# પદ (૩)

## (રાગ : મોટી આશાવરી)

રાજા રામ જપો મેરે ભાઈ, જાકે ચૌદ બડાઈ...ટેક..
માગી મુક્તિ ભક્તિ કયોં ન માગી, ચિન્યા નહિ રઘુરાય
જબ ચિન્યા તબ લેવા ન દેવા, સાધન કરલે ભાઈ...૧

જબ હરિ જણ્યા તબ મન માન્યા, મનષા ભોગ લગાઈ
કોટિ કોટિ તીર્થ વ્રત કીનાં, એક સિધ્ધિ નવ પાઈ...૨

કહેત કબીર એક સકલ સાધનમેં, જન્મો જન્મ ફરી આયા
અબ સંત સંગત રુચિ માગું, જેણે હરિજશ સુજશ સુનાયો...૩



# પદ (૪)

## (રાગ : મોટી આશાવરી)

દેહકી થશે મિટ્ટી, મુરખ તારી બુધ્ધિ કયાં નાઠી..ટેક..
જીવ આયો ત્યારે શું લઈ આયો, જાશે ત્યારે નાગો
નિર્લજ્જ તુજને લજ્જા ન આવી, તને કોણ પહેરાવે વાગો...૧

કુડ કપટ કરી બહુ ધન સાંચ્યા, સાંચ્યા ધન કોણ ખાશે,
જીવને જ્યારે જમ લઈ જાશે, ત્યાં કોણ વહારે ધાશે...૨

વેઢ વીંટી બાજુબંધ બેરખા, કંઈ ન આવે તારી સાથ
ચેતનહારા ચેતો માનવી, જાવું છે જમને હાથ...૩

ઊંચા વાસ દેખી શું ફૂલ્યો, શું મોહયો સુંદર નારી
નરસૈંયાના સ્વામીની ભકિત વિના, તને કોણ પમાડે મુકિત...૪

# પદ (૫)

## (રાગ : મોટી આશાવરી)

રામ રાય આદિ ચાકદ તેરા, તાસે મહિમા ઘો અમારા ..ટેક..
સજુગ ત્રેતા દ્વાપુર ગયા, કલિયુગ કીર્તિ તુમ્હારી
તીન લોક જબ સૃષ્ટિ નીપજાઈ, તાંથે મસાગત મેરી...૧..

પાંચ હથિયાર ખૂબ કરી બાંધુ, કર લે ખાંડા ખેલ
જ્ઞાન ખડગસે નાદ ઉતારું, માન લે મજરા મેરા...૨

કાગદ મંગાવો ને દૂત તેડાવો, અક્ષર લખો રે બોતેરા
ભાવ ભકિત જાગીરી માંગુ, ન્યાલ ભયા મન મેરા...૩

કૃપાનાથ કૃપા કરી મોં પે, તુમ્હારી કૃપા થકી ઝૂઝે
દાસ કબીર મૈં બંદા તેરા, ભકિત દાન મોહે દીજે...૪



# પદ (૬)

## (રાગ : મોટી આશાવરી)

કયોં ચમકાવે નયનાં, સુંદરી કયોં ચમકાવે નયનાં
ઘેર જાવ ધુતારી બેના..ટેક..

જિન હમ જૈસે સાજ નિવાજે, સો બાંધે કાચે ધાગે
જતન જતન કરી બહુ તેરી બાંધી, પાણી મેં આગ ન લાગે..૧

રૂપા પહેરી રૂપ દેખાવે, સોના પહેરી રીઝાવે
જો પહેરે તુલસીની માળા, તીન ભુવન પદ પાવે...૨

સાહેબ કી ભેજી મૈં ચલી આઈ, સ્વર્ગ અમારા વાસા
વરવું હોય તો વરો કબીરજી, એક માતા દુજી માસી...૩

કહેત કબીર મૈં જાત જુલાહાં, સદા રહુ ઉદાસી
તીન ભુવનકી હું ગટરાની, નિત્ય તુમ્હારી દાસી...૪



કીર્તનનાં પદો
(બપોરના ૧૧ વાગ્યા પછી પુરુષોએ ગાવાનાં પદો)
(રાગ : સારંગ)

## પદ - ૧

રામકો નિત્ય કીજે સુમરણ, રામ કો નિત્ય કીજે
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ, સંત સંગત મિલી પીજે...૧

જૂઠી રે માયા મોહ વિષય રસ, મનકો ત્યાગી કીજે
હૃદયકમલમેં નિશદિન હરિ હરિ, એહી વિલંબ ન કીજે..૨

તન મન ધન સબ મનષા વાચા, રામ સમર્પણ કીજે
કહેત કબીર ઔર નહિ માંગુ, ચરણ કમલ દત્ત દીજે....૩



# પદ - ૨
## (રાગ- સારંગ)

રામ ભજન વિસરી હો ગયો, રામ ભજન વિસરી હો ગયા
ગર્ભવાસમેં ભકિત કબૂલી બાહર આકે કયા કિયા....૧

મહેલમેં બૈઠી મોજ નિત કરત હૈ, સોળશે સાહેલીયાં
પલ મેં છોડ ચલ્યો ઠકુરાઈ, વેદ કોઉન તિહાં...૨

જબ તેરો પંથી પંથ ચલેગો, સંગે સાથી કો ન લિયા
કહેત કબીર રામ ભજો પ્રાણી, તમ મન હરજીકો અર્પીઆ...૩

# પદ- ૩

## (રાગ- સારંગ)

કાહેકો દેહ ધરી રે, ભજન વિના કાહેકો દેહ ધરી
ગર્ભવાસમેં બહુત દુઃખ ભારી, બહાર કાઢો હરી..ટેક..

કોલ વચન કરી બાહર આયો વાકી બુધ્ધિ ફરી
સંત સંગત તેં કબહુ ન કીની, દર્શન ડગ ન ભરી...૧

હરિકી કથા તેં શ્રવણે ન સુની, પરનિંદા બહુત કરી
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જનની તે ભારી મરી...૨



# પદ ૪

## (રાગ : સારંગ)

મંદિર દેખ ડરે રે સુદામાજી મંદિર દેખ ડરે રે
કહાં જો ગઈ મેરી તૃણકી ઝુંપડીયા, તા ઘેર મહેલ ખડે..ટેક..

પહેલે પ્હોરે હસ્તિ ઝૂલે, દૂજે તોરંગ ખડે રે
ત્રીજે રે પ્હોરે વસ્ત્ર જ ભારે, ચોથે રત્ન જડે રે..૧

જા ઘેર તાલ પખાવજ વાગે, તા ઘેર નૌબત વાજે
જા ઘેર રાગ છત્રીસે આલાપે, તા ઘેર અભર ભરે રે...૨

ઈત ઉત જાત ફિરત હૈ સુદામા, મનમેં સોચ કરે રે
ધામ્ દેખી મન ચકિત ભયો હૈ, ડરી ડરી ડગલાં ભરે રે...૩

મહેલમેં બૈઠી નાગર બ્રાહમણી, પંડિત આયે ઘેર રે
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકું, દારિદ્રય દૂર કરે રે...૪



# પદ ૫

## (રાગ : સારંગ)

ગોવિંદ નામ ધર્યો કીન તેરો ગોવિંદ નામ ધર્યો રે
દ્રુપદ સુતા કી લજ્જા રાખી, ચીર કો દાન કર્યો...ટેક...

ચાર પદારથ દિયો હૈ સુદામા, તાંદુલ મુખમેં ધર્યો
સાંદીપકો સુત આન દિયો હૈ, વિદ્યા પાઠ પઢયો રે...૧

લેને રે દેને તું હરિ દાતા, મોંસે કછુ ના સર્યો રે
સુરકી બેર કઠણ હોઈ બૈઠી, જન્મકો અંધ કર્યો રે...૨



# પદ ૬

## (રાગ : સારંગ)

રામ સ્નેહી આવહી, જબ રામ સ્નેહી આવહી
તન મન મંગલ હોત પરમ સુખ, આનંદ અંગ ન માંય હી...ટેક...

અધિક ઓચ્છવ મગ્ન મન મેરે ચૌદિશ ચોક પૂરાવહી
બલ બલ જાઉં ગાઉં ન કબહું, પ્રેમ મગ્ન ગુણ ગાવહી...૧

સકલ સુહાગ ભાગ સુંદરકો, મોહન રૂપ દેખાવહી
જન રાયે જબ જુગદીશ દયા કરી, પડદા ખોલ ખેલાવહી...૨



# આદ - પરમ પુરુષ પરમાત્મા

## (બીજો રાગ : હે પ્રભુ હે પ્રભુ શું કહું)

પરમ પુરુષ પરમાત્મા, આત્મા કેરો તાત
વાસુદેવ હરિ પરિબ્રહ્મ, બ્રહ્મ મહેશ્વરનાથ
આપણા છે, રે તો અવિગત, વિગત કીધા અવતાર
બ્રહ્માદિક સુર માનવ, દાનવ નવ લહે પાર
શુક સનકાદિક સેવીને, દેવ અનુપમ એક
રૂપ ઘણા છે જેહ તણા, તેહ તણા નામ અનેક
સચરાચર જેણે ભુલાવ્યું, ભુલાવ્યો વિવેક વિચાર
પ્રકૃતિ તણે ગુણ વાહીયો, મોહયો ભમે રે સંસાર
સ્થાવર જંગમ સ્થાપીને, આપ્યું કાળને હાથ
ગર્ભ સાંકૃષ્ટ દુઃખ દુક્રિત, સુક્રિત, કીધા સાર
જન્મ મરણ વશ આત્મા, આત્મા જ્ઞાન અજાણ
સાર વચન જેણે આપીને, સ્થાપ્યું વેદ પુરાણ
એક આધ્યાત્મા વાહીયો, વણસે સમ્રીક પુર ધ્યાન
શિયલ નવનેશ્વર છોડીને, માંડ્યું નિશ્ચિત ધ્યાન
મારા રે સ્વામી તમો છો રે અવર નથી, નથી રે કોઈ સૈપર સંસાર
વિપત પડી કરો કારમી વારોની ગર્ભ અવતાર.

# આદ - સુરમુની અંતરીક્ષ

સુરમુની અંતરીક્ષ, સર્વશ્રી ગોકુળ રે હરિ તે અતિ રે અકલ
વાલો અતિ રે અકલ, હરિ હરિ રમે રે ગોવિંદ આનંદ ભર્યા રે
આપણા પે રમતો પીંડારા રમાડે રે
હરિ તે રમેને રમાડે, વાલો જમેને જમાડે
હરિના ગગન બ્રહ્માદિક વિચાર કરે રે
અકળ રમત્ માંડી, ગોકુળ માહે રમત, બહ્માદિક ચાહે
હરિ હરિ આપણ પે અડને આભડે રે
બ્રહ્મા વસ હરંતો મેલ્યો વડેરો પીંડારો રે
હરિ તે સરજનહાર, વાલો સરજનહાર
હરિ લીલા કોટ બ્રહ્માંડ ઘડે રે

# આદ - રંગ લાગ્યો રે રંગ લાગ્યો રે

રંગ લાગ્યો રે રંગ લાગ્યો રે, લાગ્યો પરિબ્રહ્મમાં ધ્યાન
કર્મ મારગ જોઈ મુકયે

ત્યાં નથી ઓરે ત્યાં નથી ઓરે, લહીયો કંઈ ન સાર
પાર નદી છે ભવતણી

મન રાચુ રે મન રાચુ રે, આગે અનેકવાર
પુત્ર કલિત્ર ધન જોબને

તે વણ સંતુ રે તે વણ સંતુ રે, સુખ સૌને આપ
એમ જોઈને રંગ ઉતરે.



# ભજન
## આટલો સંદેશો

આટલો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો,
સેવકના હ્રદયમાં રહેજો...ટેક
કાયાના દેવળ અમને કાચા રે લાગે,
તેનો ભરોસો અમને દેજો...સંદેશો ॥૧॥
કાયા પડશેને હંસા કયાં જઈ સમાશે,
તે ઘર બતલાવી અમને દેજો....સંદેશો ॥૨॥
બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ન આવી,
તેના તે દર્શન અમને દેજો....સંદેશો ॥૩॥
જનમો જનમ મારા રૂદીયામાં રહેજો,
એવી તે વૃત્તિ અમને દેજો.....સંદેશો ॥૪॥
ધર્મદાસની અરજી સુણીરે ગોસ્વામી,
ભકિત ને મુકિત અમને દેજો.....સંદેશો ॥૫॥

# કે' ભાઈ રૂડું તે શું કર્યું

કે' ભાઈ રૂડું તે શું કર્યું, પામ્યો મનખા રે દેહ;
હરિરસ પ્રેમે પીધો નહિ, ન કર્યો હરિ શું સ્નેહ.
રમતા દહાડા નિર્ગમ્યા, જ્યાં લગી હતો રે બાળ;
ધ્રુવની પેરે નહિ સેવીયો, દીનાનાથ દયાળ....કે ભાઈ.
નાના થકી પરણાવીઆ, નાંખ્યો માયાની જાળ.;
મહાજુગ મોહચો રે નાર શું, ત્યાંથી ભજો રે ગોપાળ.
સાચા જુઠા બહુ કર્યા, એમ કર્યું એકત્ર દ્રવ્ય;
છતાં હતું નહિ વાપર્યું, નહિ આપ્યું પુણ્ય ને દાન.
મરતા દીઠા અતિઘણા, અમર રહ્યું નહિ કોઈ;
સહુદેવ સખા ઉડી ગયા, હૃદયે વિચારી જોઈ.
એક દિને એવો રે આવશે, દીવડો વાએ ઓલવાય;
એવું જાણી ભજો ભગવાનને, આત્મા સાધન થાય.
જે જ્યાં હતું તે ત્યાં રહયું, સાથે આવ્યું ન કાંઈ;
ભાલણનો સંદશો કહી ગયા, ભાઈઓ થજો સાવધાન.
કે ભાઈ રૂડું તે શું કર્યું.

# છેતરીને સ્વધામ ગઈ તું હાંકી તારી નાવડી

છેતરીને સ્વધામ ગઈ તું હાંકી તારી નાવડી
ઉતાવળ શું કરી મા તેં જવા માટે આવડી.....છેતરી
અપાર પ્રેમ વરસાવી અમને તેં પોષ્યા
તારી છાયામાં અમને સૌને સંતોષ્યા
તો યે તારી સેવા અમને કરતા ન આવડી.....છેતરી
દિલ તો દરિયાનું મા તેં રાખ્યું હતું મોટું
ફાવે તેમ બોલ્યા તો યે લાગ્યું નથી ખોટું
સ્વભાવની સદા હતી માતું ગરીબ ગાવડી....છેતરી
નથી કોઈ દિવસ માંગ્યું કાંઈ મુખે
એક રૂપે રૂપે રહી મા તું સદા સુખે દુઃખે
ઠોકર ખાતા જોઈને અમને પકડી લેતી માવડી....છેતરી
અમને ભૂખ્યા રાખી કદી નથી ખાધું
આવી રૂડી માવડી હું હવે કયાંથી લાવું
લાખો પ્રયત્નો કર્યે મળે કયાં તું માવડી....છેતરી
અનંત ઉપકારો માડી બદલો શું દઈએ.
ભવોભવ માડી તારા ચરણોમાં રહીએ.
તારા બાલુડા તો પૂજે તારી પાવડી....છેતરી

# ઓ માત રે મારે કોની ગોદમાં જાવું

હે માત રે મારે કોની ગોદમાં જાવું
મને કોણ કરશે ખમ્મા રે ખમ્મા.
હે માત રે હું અંધારે અથડાઉં હું મા મા કરતો આવું....મને
યાદમાં તારી રોતો જ્યારે, આંખે આંસુ ચાલ્યા
હે માત રે મારા મુખડા ચુમવા કાજે, મારા લોચન લુછવા કાજે....મને
વ્હાલ ભર્યા બે વેણ મધુરા, તુજ વીણ કોણ સુણાવે
હે માત રે મને કહેતા સૌ બિચારો, હું તુજ વીણ છું નોધારો....મને
મારો કહેતા મુખડું મલકે, માને દેખી હૈયુ છલકે
હે માત રે હું મનમાં બહું મુઝાવું, મારે કોના શરણે જાવું....મને
હેત ભરેલું હૈયુ તારું આજે સુકાણું
હે માત રે મારું અંતર અકળાઈ જાતું, તને કંઇ કંઈ કહેવાય જાતું...મને
કાં તે હૈયા કઠણ કીધા, બાળકડા વીસારી દીધા
હે માત રે તારું પૂનિત શરણું ત્યાગી, આ જીવશે કેમ અભાગી
મને કોણ કરશે ખમ્મા ખમ્મા.

# માડી તારા અનહદ છે ઉપકાર

માડી તારા અનહદ છે ઉપકાર, ભવોભવ ગણ્યા ન ગણાય રે
મારે કારણે તેં વેઠયા ઉજાગરા, આકરી રાતોના અપાર
એકધારી ઉંઘવા ન દીધી કદીએ, તોયે તારો પ્રેમ અપાર રે....માડી
હાલતાં ને ચાલતાં ગાય હાલરડા, પીવડાવ્યા તેં સંસ્કાર
અંતર ઉમળકાથી ખમ્મા ખમ્મા કરીને, બોલાવે વારંવાર રે....માડી
સૂતી ભર ઉંઘમાંથી ફાળ ભરી જાગતી, માંદગી જો આવે લગાર
જીવની જેમ મને રાત દિ જાળવતી, કેમ ભૂલુ ઉપકાર રે....માડી
હૈયે વળગીને તારો ખોળો ખુંદયો છે, જંપવા દીધી ન લગાર
મારે માટે તેં પીધા છે હોંશથી, કડવા ઘુંટડાઓ અપાર રે....માડી
ભૂખીને તરસી જોતી તું વાટડી, બારણામાં મારતી લટાર
હજુ કેમ ન આવ્યો, હજુ કેમ ન આવ્યો, શાને થઈ આટલી વાર રે....માડી
હૈયાના હીર પાઈ જીવન ઘડયું, માતાનું છત્ર પ્રેમાળ
માતૃ પ્રેમની અમર જ્યોતિ, જલતી રહે સદા કાળ રે....માડી
અમી ભરી આંખડીને વ્હાલભરી વાણી, હૈયામાં હેત અપાર
માતાનું દીલડું બનાવીને માંહી, પોતે વસ્યો નિરાકાર રે....માડી
સો સો દિવાળી જીવો આશિષ આપતી, પ્રગટાવી દિવડા હજાર
એ રે માતાને મારા લાખો પ્રણામ, કોટી કોટી નમસ્કાર રે...માડી
મંગલમૂર્તિ માત પિતાની, સાક્ષાત શકિત સ્વરૂપ
મંગલમૂર્તિ માત પિતાની સાક્ષાત કરુણા ક્ષમાને કૃપાળુ.....માડી

# કેમ ભૂલું તુજ પાડ જનેતા

કેમ ભૂલું તુજ પાડ જનેતા, કેમ ભૂલું તુજ પાડ
જન્મ થતામાં દૂધ તેં દીધું
એ તારો ઉપકાર, જનેતા કેમ ભૂલું તુજ પાડ.
જોવા માટે આંખો બનાવી
સાંભળવાને કાન, જનેતા કેમ ભૂલું તુજ પાડ.
દાંત દીધા સાથે ખાવાનું દીધું
એ તારો ઉપકાર, જનેતા કેમ ભૂલું તુજ પાડ.
બુધ્ધિ શકિત તેં મા દીધી
એ તારો ઉપકાર, જનેતા કેમ ભૂલું તુજ પાડ.
તારે શરણે આવ્યો હું તો.
નાનો તારો બાળ જનેતા કેમ ભૂલું તુજ પાડ.
ઘડપણમાં મા કાયા થથરતી
કેમ લેવાશે તારું નામ, જનેતા કેમ ભૂલું તુજ પાડ.
શરણે આવ્યો ઉગારી લેજો
દર્શન દેજો માત, જનેતા કેમ ભૂલું તુજ પાડ.

# જનની તું જન્મ તણી દુઃખિયારી

જનની તું તો જન્મ તણી દુઃખિયારી.....(૨)
જન્મ આપનારી માતા તું તો, કોણ ખબર લે તારી રે....જનની
નવ નવ માસ તને ગર્ભમાં રાખ્યો ને કીધી ઊઠબેસ ભારી
માયા મમતામાં મોહી પડયો એ તો, કોણ કરે સેવા તારી રે....જનની
અડસઠ તીરથ કરવા ચાલ્યો શ્રવણ, માત પિતાને ખાંધે મારી
દશરથ રાજાએ પ્રાણ લીધો એનો, સાંભળી કાયાને પાડી રે....જનની
ભૂખ તરસને વેઠીને માતાએ, ધરતીની કીધી પથારી,
તારા હૃદયની કોઈએ વાત ન જાણી, જીવન ભર તું મુંઝાણી રે...જનની
બાબુ કહે છે માતા રે તારા, ઉપકાર બહુ ભારી
માતાના દિલને દુઃખ દીધું જેણે, તેનું જીવન ધૂળધાણી રે...જનની

# તમે તો વનવન ચારો ગાય

તમે તો વન વન ચારો ગાય, હમોને અહીં કેમ ગમશે રે
અમો તો આવશું પાણીલાને માસ અમને દર્શન દેજો રે
બીજે પોરે જો જો વાટ ઘાટે ઊભા રહીને ને રે
એવા વચન કહ્યા વૃજના રે હરિ તો હસીને ધાયા રે
અઢવણ પગે કોમળ વન માંહી, નંદને શું કહેવાશે રે
આવો હું રાખું સુખ માંહી રહીશું બાળક થઈને રે
કાન તો પડયા જડયા તમે હેઠ, સોપ્યા ગૌવને કહાનને રે
વલ્લભ ગોપી જનની પ્રીત ગાઈ ગાઈ કારજ સાર્યા રે



# મોરલી કોણે ઘડાવી નંદલાલ

મોરલી કોણે ઘડાવી નંદલાલ, રંગે રાતી રૂડી રે
મોરલી સોહે તમારે હાથ, મીઠી મધુરી વાગે રે
એનો ઘડનારો છે કોણ, ઘડી એક કોણે ઘડી છે રે
એનો ઘડનારો ધનવાન, હરીએ હાથે ઘડી છે રે
જેવા પર ઘર પામ્યા સુખ, તેવા અમ ઘેર કયાંથી રે
જેવા ઘરના માણસ હોય, લીધા મુલ કરીને રે
વલ્લભ ગોપી જનની પ્રીત, ગાઈ ગાઈ કારજ સાર્યા રે



# ભોળા ભુદર તારી ભુલવણીમાં ભૂલ્યા

ભોળા ભુદર રે તારી ભુલવણીમાં ભૂલ્યા
જળની રે બુનમાં જલનો પાર્યો, જલના અંતર જાયો.
એ માયાનો મર્મ ના જાણ્યો, પ્રભુ વારે વારે શું વાય....ભોળા
સાચું સગપણ શ્રીકૃષ્ણજીને, જુઠા માને બાપ
પુત્ર જાયા સબ સુખ માયા, માતા મંગલ ગાય....ભોળા
પંચમળી પરણાવીયાને, રૂપ બન્યા છે રૂડા
ખોટામાંથી ખરું કરીને, કપટ ચલાવ્યા કુડા.....ભોળા
સોડ વાળી શું સુતા ભુદરજી, ઊઠો ભુદરજી મળીએ
વણ બોલાવ્યા જાવ છો તો, વણ આગળ ગઈ મળીએ....ભોળા
બેનીને તો બાંધવ વાલા, હસી હોકારા દઈએ,
માતાને તો પુત્ર વાલા, ઊઠીને બેઠા થાય....ભોળા
હાથ પગ તો હાલે નહિ ને, મસ્તકને શું મરડો
સુંદર કાયા પડી રહીને મરી ગયું તે કોણ.....ભોળા
માયા વળગી માતા રૂવે, જઈ સુંભળાવો તાત
ત્રીકમજીના તેડા આવ્યા, તે કેમ પાછા જાય.....ભોળા
સાધુ તેડાવો ઓચ્છવ કરાવો, ભુદર થયા દેવલોક
શીશ નમાવી રણછોડ બોલ્યા મુક્તિ આપો રામ.....ભોળા

# સોગટણા માંડયા શોળ રે લીલા પીળાને રાતા ચોળ રે

સોગટણા માંડયા શોળ રે, લીલા પીળાને રાતા ચોળ રે,
એના અવળા પડયા પાસા રે, જુઓ કર્મ તણા તમાશા રે,
એણે સમરણ કાંઈ ન કીધું રે, એણે હાથ કરી વિષ પીધું રે,
લેવા જમરા તે આવ્યા ચાર રે, એને મારે મોગરીઓના માર રે,
મારી મારીને જીવડો કાઢયો રે, એણે કોણ કોણ કોટડીમાં ઘાલ્યો રે,
ધરમ રાજાએ હુકમ કીધો રે, એને બાંધી ઘસલતો લીધો રે,
એક લોઢા તે સ્થંભ ધીકાવો રે, તેની સાથે બાથ ભીડાવો રે,
પાણી પીવાને જીવ ઘણું તલસે રે, ઉપરથી અંગારા વરસે રે,
થંભે બાંધ્યો બાંધ્યો રૂવે રે, એના લોક તમાશા જુએ રે,
પ્રાણી જેમ જેમ મોટેરા થાય રે, પ્રાણી તેમ તેમ બંધાયો જાય રે,
હરિ બંધન છોડાવો રે, હું તો તમોને ભાવે રે
ભાઈએ કર્મ કીધા સાના રે, સોગા રામના નામ ન લીધા રે
મારી મારીને રોટલો કીધો રે, એણે પાપનો પોટલો લીધો રે,
ધરમરાજાએ જોયા પાના રે, એણે વરણાગીમાં ખોયું રે,
ધરમરાજાએ જોયા પાના રે, એણે કર્મ કીધા શાન રે
તું તો લક્ષચોર્યાસી રવડશે રે, તું તો બળદ થઈ અવતરશે રે,
ભાર ભર્યો નહિ ઘસલાશે રે, ઘર બેઠા ગોદા ખાશે રે,
એમ ભણે રે નરસૈંયો હરિની ભકિત વિના બધું કાચું રે,

# વડલા નીચે શબરી બેઠી જુએ રામની વાટ

વડલા નીચે શબરી બેઠી, જુએ રામની વાટ
ભાવધરી આંગણિયે મારા, કયારે આવશે રામ
રઘુપતિ રાઘવ રાજા રામ
રામ પ્રભુનું નામ જ લેતા, વિતાવે દિનને રાત
આવશે આવશે આજ પ્રભુજી, પાવન કરવા જાત....રઘુપતિ
ઋષિમુનિના વચનો લઈને, હૈયે રાખતી હામ
વર્ષો પર વર્ષો વિત્યા પણ, મળ્યા નહિ ભગવાન....રઘુપતિ
ગદ્ ગદ્ કંઠે રોમાંચ થઈને, કરતી સઘળુ કામ
આંખે અશ્રુની ધારા વહેને, મુખે રામનું નામ....રઘુપતિ
શ્રધ્ધા ભકિત જોઈ શબરીના, રામ થયા મહેમાન
ભાવ થકી એઠાં બોર આપી, ભૂલી દેહનું ભાન....રઘુપતિ
પ્રભુએ અંતે આપ્યું અવિચળ, શબરી બાઈને ધામ
ભાવ જુએ ત્યાં દોડે ભુદરજી, છોડી વૈકુંઠધામ.......રઘુપતિ
ધન્ય શબરીબાઈ ભાગ્યા તમારા, ખૂલ્યા મોક્ષના દ્વાર
આવી ભકિત જે કોઈ કરશે, મેળવશે શ્રીરામ....રઘુપતિ
ભાવિક થઈ હરિને ભજજો, થાશે કાયાનું કલ્યાણ
રામપ્રભુજી દર્શન દેશે, ઉઘડે ભાગ્યના દ્વારા.....રઘુપતિ

# નથી રે રહેવાની તારી કાયા દેખાવડીને

## (રાગ : પહેલા પહેલા જુગમાં રાણી)

નથી રે રહેવાની તારી કાયા દેખાવડીને
રૂપના રખોપા નથી કામના
દુનિયાના રહેશે તારા ઉજળા કરમના સંભારણાં
માનવ અવતારમાં તું તો જનમ્યોને
કરવાને માનવતાના કામ આ સંસારમાં
હે......એરે ભૂલીને તું તો માયામાં મહાલતોને
અમીરો માને છે તારું સ્થાન આ સંસારમાં....દુનિયા
જોબનનું જોર તારું ઝાઝુના ચાલશેને
ચાર દહાડાનો તું મહેમાન આ સંસારમાં
હે.......કાળના તેડા એવા અણધાર્યા આવશેને
સુના થશે રે તારા ધામ આ સંસારમાં...દુનિયામાં
માટીની કાયા તારી માટી થવાની ને
આખરના એજ અંજામ આ સંસારમાં
હે......બિંદુ કહે વ્હાલા સંતોની સાથમા ને
રખવાળા કરશે રામ આ સંસારમાં
દુનિયામાં રહેશે.....

# ચેતી જા માનવ ....

રાગ : પરદેશીઓ સેના અખીયાં મીલાના

ચેતી જા માનવ આ છે પંખીનો મેળો
એક દિન જાવું તારે મોડો કે વ્હેલો.....ચેતી જા
હો..લખ ચોર્યાસી ફેરા નો ચરખો,
મળ્યો છે તુજને માનવનો મનખો,
ઢીંગલાને ઢીંગલીના માંડયા શા ખેલો....ચેતી જા
હો....પરમારથની બાંધ પરબડી,
દેશે દુઆ તુજને દિલની આંતરડી,
વેરને ઝેર કેરી આંટી ઉકેલો....ચેતી જા
હો....આંખે અમીરસ છલછલ છલકે,
હરિ ભજન કર તું પલકે પલકે
દોડીને ભળી એવા ભકતના ભોળા...ચેતી જા
હો......ઘડી બે ઘડી છે. સુખની છાયા
રાખ થશે આ તારી કંચન જેવી કાયા,
બિંદુ રામજી નહીતર ફોગટ છે ફેરા.....ચેતી જા

# તારી આના કાની

તારી આના કાની કંઈ નહીં ચાલે
જ્યારે એવો આવશે,
તારે મોટા ઘરનું તેડુ એક દિન આવશે,
બીસ્તર સાથે નહી રહેવાસે,
સંદેશો પણ નહી કહેવાસે,
તુજમે મારા ઘરમાં રહેતી
એકલડો તુજ આવશે......તારે મોટા
સગા સંબંધી રોતા રહેશે
રોતા રોતા તને વિદાય લેશે
મારગડામાં ખાવા માટે
આ ભવનું ભાથુ ના બંધાવશે...તારે મોટા
જીવન તો એળે પૂરું થાશે
આવ્યો એવો જગથી જાશે
રામ ભકત જો થયો નહી તો
દર દર ઘર ભટકાવશે......તારે મોટા
રાજા રામ રામ રામ સીતા રામ રામ રામ
ગુરૂદેવ તુમારી જય જય જય કી
રામચંદ્ર તુમારી જય જય જય કી

# આ કોણે બનાવ્યો પવન ચરખો

આ કોણે બનાવ્યો પવન ચરખો
એના ઘડનારાને તમે ઓળખો રે....રામ
બોલ બોલાવે સળ ઘટ બોલે
જ્યાં જોઉં ત્યાં સરખો.....(૨)
દેવળ દેવળ દે રે હુંકાર
પારખ થઈને પરખો.......રે આ કોણે
પંચ તત્વ કો બન્યો રે પુતળો
ખેલ દેખીને તમે નીરખો
પવન પુતળી રમે ગગનમાં
નુરતે સુરતે સરખો....રે આ કોણે
ધુળના ઢગમાં જ્યોતિ જલત હૈ
અંધારા મીટયા નહિ અંદરકા
એ રે અજવાળે અગમ સુઝે,.
ભેદ મીલે ઉસ ઘરકા......રે આ કોણે
કહે રવિદાસ સદ્‌ગુરુ સાચા
મૈં ગુલામ ઉસ ઘરકા
આ ચરખાની આશા ન કરશો
ચરખો નહિ રહે સરખો.....રે આ કોણે

# ચાર દિવસનાં ચાંદરણાં

ચાર દિવસનાં ચાંદરણાં પર જૂઠી મમતા શા માટે
જે ના આવે સંગાતે તેની માયા શા માટે
આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહી પણ ના આવે
તું બહુ મથે છે જાળવવા એ જોબન સાથે નહિ આવે (૨)
અહીંનું છે અહીં રહેવાનું, એની દોસ્તી શા માટે
જે ના આવે સંગાતે તેની માયા.....
આ બાંધેલા મહેલાતોનું, દોલતનું કાલે શું થાશે (૨)
જાવું પડે છે અણધાર્યું ત્યારે પરિવારોનું થાશે (૨)
સૌનું ભાવી સૌની સાથે, એની ચિંતા શા માટે
જે ન આવે સંગાતે......
સુંવાળી દોરીના આ બંધન, આ સૌ પ્રેમ થકી બાંધી
પણ તૂટે તેનું આયુષ્યને ત્યારે કોઈ ન બાંધે
ભીડ પડે ત્યારે તડ તડ તુટે
એવા બંધન શા માટે
જે ના આવે સંગાતે, તેની માયા શા માટે.

૧ થી ૪૦ વર્ષના ગુજરી જાય ત્યારે ગવાતાં કીર્તન

## તમારો ભરોસો મને ભારી સીતાના સ્વામી

તમારો ભરોસો મને ભારી સીતાના સ્વામી.....તમારો
રંક ઉપર વાલો ચમર ઢોળાવે, ભૂપને કીધા ભિખારી
નખ વધારી વાલે હીરણાકંશ માર્યો, પ્રહલાદ લીધો ઉગારી
પાંડવની વાલે સ્હાય જ કીધી, લાખા ભુવને મેલી બારી
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, રંક ઉપર જઉં વારી.

## કયા કારણે ભેખ લીધો રાણાજી મેં તો

કયા કારણે ભેખ લીધો રાણજી મેં તો,
કયા કારણે ભેખ લીધો
રમતોને ભમતો જોગી આવ્યો આંગણીયો,
દાસી જાણીને દર્શન દીધાં
ગિરધર વિના મને ઘડીના ચાલે,
હરિરસ ઘોળી ઘોળી પીધો
એરે કામણ મારા કાનુડા એ કીધા,
જગથી છુટકારો લીધો.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
સ્વર્ગપુરીમાં વાસો લીધો.

# સતસંગનો રસ ચાખ રે પ્રાણી તું

સતસંગનો રસ ચાખરે પ્રાણી તું સતસંગનો રસ ચાખ;
પ્રથમ લાગશે તીખો ને કડવો, પછી આંબા કેરી શાખ.
હાથી રે ઘોડાને માલખજાના, તે નહિ આવે તારી સાથ;
આરે કાયાનો ગર્વના કરીએ, અંતે થવાની છે રાખ.
સતસંગથી બે ઘડીમાં મુકિત, વેદ પુરાણ પૂરે શાખ;
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ હરિચરણ ચિત્તરાખ સતસંગ.



## પ્રેમે પ્યાલો પીધો રાણાજી મેં તો

પ્રેમે પ્યાલો પીધો રાણાજી મેં તો પ્રેમે પ્યાલો પીધો;
આરે જગતને જોઈને વારો, અમ્મર પછેડો કોણે લીધો.
આરે શરીરના સર્વેરે સુખડા, તે અમે ત્યાગી રે દીધા;
આરે મનડાને બહુ સમજાવ્યો, જોગ જંગલમાં લીધો.
બાઈમીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ સ્વર્ગ પુરીમાં વાસો લીધો.

## કદમ નીચે મોહન ભાંગ પીલાઈ

કદમ નીચે મોહન ભાંગ પીલાઈ;
કોણ રે વાટી ને કોણ રે ઘુંટી, કોણ રે સરસ બનાઈ.
ભગવાને વાટીને ગોવિંદે ઘુંટી, લક્ષ્મણે સરસ બનાઈ;
સહુ સખીઓએ થોડી થોડી પીધી, રાધા કુ બહુત પીલાઈ.
તનકા રે તાળાને મનકી કુંચી, જીવડા કો પેટી બનાઈ;
બાઈમીરાં કહે પ્રભુ ગીરધરનાગર, ચરણ કમળચીત લાઈ.

# શ્રી સદ્‌ગુરુ ભકિત રહસ્ય

## (ભકિતના વીશ દોહરા)

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.....૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ?...૨
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દઢ, ને પરમાદર નાંહિ...૩
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ....૪
'હું પામર શું કરી શકું', એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક....૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ....૬
અચળરૂપ આસકિત નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ.....૭

ભક્તિ માર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન...૮
કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ...૯
સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ...૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહિ;
નહિ ઉદાસ અનભકતથી, તેમ ગૃહાદિક માંહિ...૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહિ;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ...૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ?...૧૩
કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ...૧૪
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન...૧૫
સંતચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક;

પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક...૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત્ સાધનસમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ?...૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્‌ગુરુ પાર;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?...૧૮
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય...૧૯
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એજ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દે જ...૨૦



# અમૂલ્ય તત્ત્વ વિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?...૧
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નવ ગ્રહો;
વધવાપણુ સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો ? ...૨
નિર્દોર્ષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી, જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં ...૩

હું કોણ છું ? કયાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મા તારો આત્મા તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.

# હે નાથ જોડી

(રાગ : બહુ પુણ્ય કેરા પૂંજથી)

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ.
શરણુ મળે સાચું તમારું, એ જ હૃદયથી માંગીએ;
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો.
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો;
વળી કર્મના યોગે કરીને જે કુળમાં એ અવતરે.
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી, આપની ભક્તિ કરે;
લક્ષચોર્યાસી બંધનોને, લક્ષમાં લઈ કાપજો.
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો,
સુસંપતિ, સુવિચારને, સત્ કર્મનો દઈ વારસો;
જન્મો જન્મ તમ ભક્તિથી, કિરતાર પાર ઉતારજો.
આ લોકને પરલોકમાં, તમ પ્રેમ રગરગ વ્યાપજો;
પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો.
મળે મોક્ષ કે સુખ સ્વર્ગના, આશા ઉર એવી નથી;
દ્યો દેહે દુલર્ભ માનવીનો, ભજન કરવા ભાવથી.
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો;
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો.

# સત્યનામ સદ્‌ગુરુ

## (શાંતિ પ્રાર્થના)

સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે
હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે
પ્રભુ તારે દ્વારેં આવ્યો એ આત્મા
શાંતિ આપો હે પરમાત્મા
આજ અમો કરીએ છે તારી પ્રાર્થના.
શાંતિ આપો હે પરમાત્મા
જન્મો જન્મના ફેરા ટાળો
મુક્તિ આપો હે પરમાત્મા
શાંતિ આપો હે પરમાત્મા.

ૐ શાંતિ: શાતિ: શાંતિ:



## ભજન (રાગ : તેડા આવ્યા રે)

સૂની પરસાળને સૂના બારણા,
સૂના પડ્યા નાના નાના બાળ રે,
માતાજી તારા સ્વર્ગેથી વિમાન આવ્યા....
યમદૂતો વિમાન લઈ આવ્યા
શરૂ થયો જીવ તણો પ્રવાસ રે.....માતાજી.....
કાયાનું દેવળ સૂનુ પડયું
સૂના પડયા આજ મારા આવાસ રે....માતાજી...
તનડું છોડીને હંસ ચાલ્યો
ગયો ગયો પ્રભુ તણા દરબાર રે...માતાજી....
તારા વિયોગે બાળ ઝૂરતા
માથે કોણ ફેરવશે મીઠો હાથં રે....માતાજી....
મીઠા મધુરા તારા ગીતડાં
હવે કોઈને કદીના સંભળાય રે...માતાજી...
મુખડું તારું કદી નહીં દેખશું

ભળી જશે કાયા માટીમાંય રે...માતાજી...
ગાવડી વિનાના જેમ વાછરા
માવડી વિના રઝળે નાના બાળ રે....માતાજી...
વૃક્ષ વિનાની જેમ વેલડી
માતા વિના સૂનો આ સંસાર રે...માતાજી....
કુદરતની કોરટનો કાયદો
કદી નહિ કોઈથી એ તોડાય રે....માતાજી...
આશિષ સ્વર્ગેથી વરસાવજો
કરજો કરજો પ્રેમથી ઉપકાર રે .... માતાજી...
બેઉ કરજોડી પ્રભુને વિનવું
ખોલજો ખોલજો મુકિત તણા દ્વાર રે...માતાજી....

રચયિતા : ભરતભાઈ વિ. ભકત - ધલુકા

## ભજન (રાગ : નૈયા ઝૂકાવી મેં તો)

સ્વજન તારા જાયે ત્યારે આંસુ સારે ચાલે ના
ભાડાનું મકાન કાયા ખાલી કર્યે ચાલેના
કંચનકાયાનું મકાન બનાવ્યું
આતમહંસલાને ભાડે એ આપ્યું
હંસલો ઊડી જાતાં, માથા કૂટે ચાલે ના...ભાડાનું
સવારે ફૂલડું હસતું ને ખીલતું
ભાવિક જન હાથે દેવશિરે ચઢતું
સાંજને સમયે એને કરમાયા વિણ ચાલે ના... ભાડાનું
કાયા મકાનનો માલિક મોટો
એના દરબારનો કાયદો નથી ખોટો
માલિક હુકમ હંસે પાળ્યા વિન ચાલે ના... ભાડાનું
આતમ પંખી વિના મકાન સૂનું
પૂનમચંદ્ર વિના આકાશ અધૂરું
ઊગ્યું તેને આથમ્યા વિના કાંઈ ચાલે ના..ભાડાનું
વહેલા મોડા સૌએ ખાલી એ કરવાનું
એમાંથી કોઈપણ બાકી ન રહેવાનું
'ભરત' વિલાપ કર્યે સ્વજન પાછું આવે ના... ભાડાનું

રચયિતા - ભરતભાઈ વિ. ભકત - ધલુકા

# ભજન (રાગ : હે નાથ જોડી હાથ પાયે)

પરમપિતા પરમાત્માને બે હાથ જોડી નમીએ
અંતર નિર્મળ રાખીને ભાવેથી પ્રાર્થના કરીએ
દેહના દેવળો તજી દઈને, આવ્યો હંસ દરબારમાં
એ દિવ્ય આતમહંસને, સદાયે રાખજો ચરણમાં...
ભૂલ્યો ભટકયો જીવડો સંસારની ઉપાધિમાં
મોહમાયા બંધન છોડીને આવ્યો તમારી પાસમાં
રટયો નિરંતર નામ તમારું, આવીને સંસારમાં
એ દિવ્ય આતમહંસને સદાયે રાખજો ચરણમાં...
સત્ કર્મને સત્ ધર્મનો દઈને ઉત્તમ વારસો
એ આત્માને ભવોભવથી પ્રભુ પાર ઉતારજો
જે કૂળમાં એ અવતરે ત્યાં પગલાં પડે તમ ચરણના
એ દિવ્ય આતમ હંસને સદાયે રાખજો ચરણમાં
કીધાં હશે ગુનાઓ એણે જાણ કે અજાણમાં
ઉદાર દિલે ઓ પ્રભુજી ના લેજે તું ધ્યાનમાં
દિવ્ય તૃષાતુર હંસ આવ્યો, તજી 'ભરત'ને ભવરણમાં
એ દિવ્ય આતમ હંસને સદાયે રાખજો ચરણમાં

રચયિતા - ભરતભાઈ વિ. ભકત - ધલુકા

## ભજન (રાગ - પ્રભુ દ્વાર તમારા)

હરિ મંગલ મંદિર ખોલો રે આવ્યો તૃષાતુર આત્મા
લક્ષ ચોર્યાસીના ફેરા તોડો રે, આવ્યો તૃષાતુર આત્મા
મોહમાયાના બંધન તોડયા, જીવે શિવંના બંધન જોડયા
એની સંગે પ્રેમે બોલો રે (૨)...આવ્યો
ભવસિંધુમાં ગોથા ખાતો, તારુ રટણ કરી હરખાતો
હવે મોક્ષની બારી ખોલો રે (૨) ...આવ્યો.
દેહ દેવળ અકારું લાગ્યું, આતમપંખી શરણે આવ્યું
એ મહંસને ઉરમાં લો લો રે (૨) ...આવ્યો.
મારું મારું મિથ્યા કરીને, પાપપુણ્યનું ભાથુ ભરીને
છોડી આવ્યો કુટુંબ કબીલો રે (૨) ...આવ્યો
આ દુનિયાના રંગને ઢંગ જોઈ જોઈને બન્યો એ તંગ
એના કર્મોને ત્રાજવે તોલે રે (૨) ...આવ્યો
આ 'ભરત'ની અરજી સુણજો, આત્માને મુક્તિ દેજો
જરા જ્યોતમાં જ્યોત મિલાવો રે (૨) ...આવ્યો

રચયિતા - ભરતભાઈ વિ. ભકત - ધલુકા

## ભજન (રાગ : આ જિંદગીના ચોપડામાં)

આ જીવનનૈયાને ડૂબતી બચાવજો
ભજનને ભક્તિના હલેસા બનાવજો...આ જીવન
ભવસાગરમાં નૈયા અથડાતી
મોહમાયા તણી ઝાપટ વાગતી
શ્રધ્ધા સૂકાન લઈ નાવ ચલાવજો.. આ જીવન
પારકાનું દુઃખ જોઈ કદી ના હસજો
કષ્ટો એના કાપીને ભવનું ભાથું ભરજો
સુખડની જેમ સુંગધ સઘળે ફેલાવજો..આ જીવન
લાવ્યા ન સાથે કાંઈ સાથે લઈ જવાના
કરેલા કર્મો આપણા સાથી થવાના
કુકર્મો કરતાં પહેલાં ખૂબ વિચારજો...આ જીવન
જગની ખારાશ બધી ઉરમાં પચાવજો
પચાવી એને અમી વાદળી વરસાવજો
પંથ ભૂલેલાને પંથ બતાવજો...આ જીવન
માનવ છે આપણે સહુ ચાહીએ માનવને
પ્રેમ રસ પામી સહુ ભજીએ માધવને
'ભરત'ની વાત સહુ હૈયે પચાવજો... આ જીવન

ચરયિતા - ભરતભાઈ વિ. ભકત- ધલુકા

# ભજન (રાગ : બાબુલ પ્યારે)

માડી મારી...મા તું સ્વર્ગમાં જાજે, મા તું ઈન્દ્રલોક જાજે
મા તું વૈકુંઠવાસો કરજે.....
જન્મ અમૂલો અમને આપ્યો, ઉપકાર નહિ ભુલીએ તારા
પાળીપોષીને સંસ્કાર દીધાં, જીવન બનાવ્યા ન્યારાં
લાખો લાખો તને પ્રણામ, હૃદિયે રહેશે તારું નામ
ભવોભવમાં તું અમને મળજે...માડી... મારી...
ગોળથી ગળી મધથી મીઠી એવી તું મારી માવડી
જીવનસાગરે મઝધાર મધ્યે હાંકી કયાં ચાલી નાવડી
વહાલા બાલુડાં તરછોડી, કેમ ગઈ તું મુખ મોડી
લીલી વાડીને સદા સંભારજે...માડી...મારી
તારા વિના માડી સૂના મંદિરિયા, અંધારભર્યા ભવનમાં
ડગલે ને પગલે તારી યાદ જ આવે, આંસુડા આવે નયનામાં
માથે ફરતો તારો હાથ, શમી જતો મનનો તાપ
માડી સ્વર્ગેથી આશિષ વરસાવજે..માડી....મારી (૩)
અઘોર વનને ઉપવન બનાવે, એવી તારી શકિત
અંતરની આતરથી મૈયા કરીએ તારી ભકિત
લૂંટયો હૈયાનો પ્રેમભાવ, હવે કદી ના મળે લ્હાવ
અમારા જીવનનો ધ્રુવતારો બનજે...માડી...મારી
જગતમાં જયકારો કરીશું અમે તારો જનની
તારા ગુણનો પાર ન આવે, મતિ મૂંઝાય છે ''ભરત''ની
કરજોડી વિનવે બાળ સુણજે ઓ રે દીન દયાળ
એના આત્માને મુકિત તું આપજે...માડી તારી

**રચયિતા - ભરતભાઈ વિ. ભકત - ધલુકા**

જરા મીચ બ્યાપૈ નહીં, મુઆ ન સુનિયે કો થા ।
ચલુ કબીર વા દેશકો જહાં બૈદ સાંઈયા હોય ॥
- કબીર

વૈદ મુઆ, રોગી મુઆ, જુવા સકલ સંસાર ।
એક કબીરા ના મુઆ, જાકે નામ આધાર ॥
- કબીર

જીતે જી મરના
જીવત મિરતક કોઈ રહૈ, તજૈ ખલક કી આસ ।
રચ્છક સમરથ સતગુરુ, મત દુઃખ પાવૈ દાસ ॥
- કબીર

જીવન સે મરના ભલા, જો મરિ જાનૈ કોય ।
મરને પહિલે જો મરે (તો) જરરૂ અમ્મર હોય ॥
- કબીર

મરને સે જગ ડરૈ, મેરે મન આનંદ ।
કબ મરિહો કબ પાઈહોં, પુરન પરમાનન્દ ॥
- કબીર

''જીવન મને આટલું બધું વણ્ણલું લાગ્યું છે, એટલે મને ખાતરી છે કે મૃત્યુ પણ મને જરૂર એવું જ વહાલું લાગશે. એક સ્તનેથી ખસેડી લેતાં બાળક ભયથી રડી ઊઠે છે, પણ બીજી જ ક્ષણે બીજે સ્તને જતાં શાંત થઈ જાય છે.''

- ટાગોર

''જે જે પ્રાપ્ત થતો ઉપાધિયોગ
બની રહો તજે સમાધિ યોગ''

- શ્રી ઉમાશંકર જોષી

''મૃત્યુથી બળવાન હું છું અને મહાન છું નિયતિ કરતાં નસીબના નિયમો ભલે બદલાય. ડગી શકે નહિ લેશ ઈચ્છા મારા આત્માની.''

- શ્રી અરવિંદ

પ્રભુને જે લોકો પ્રિય હોય છે તે લોકો જ
યુવાવસ્થામાં મૃત્યુ પામે છે.

- મિનેન્દર

## મૃત્યુના ફાયદા

(૧) પાપીને પાપ કરતો અટકાવે છે.

(૨) પુણ્યશાળી જીવાત્માને વધારે પુણ્યશાળી કર્મો કરવાની નવી તકો ઊભી કરી આપે છે.

(૩) પુનર્જન્મ આપીને નવીન તકોનું નિર્માણ કરે છે.

(૪) અહંકારની ઈમારતોને તોડી નાંખે છે.

(૫) રાય અને રંકનો ભેદ મિટાવે છે.

(૬) જીવનનું એકધારાપણું મટાડે છે.

(૭) બંધનરૂપ બનેલા શરીરમાંથી મૃત્યુ છુટકારો અપાવે છે.

(૮) ભૂતકાળ ઉપર પડદો નાંખી દે છે.

(૯) કર્મક્ષય અને ઋણમુક્તિની આગળ તકો ઉઘાડે છે.

(૧૦) દરેક મૃત્યુ કાળે આત્માની અમરતા અનુભવાય છે.

▫ હીરાભાઈ ઠક્કર

"મૃત્યુનું માહાત્મ્ય."

## અનંત જીવન

મૃત્યુ આપણને જુદા પાડવા માટે છે જ નહિ મૃત્યુ તો માણસનું અંતઃકરણ વાંચે છે, અને એ જાણે છે કે અમુક બે જણ સાથે રહે, એ કરતાં જુદાં રહે તો વિકાસનો પંથ વધારે કપાઈ શકશે એથી એ આપણાં પોતાના જ હિત ખાતર આપણને જુદાં પાડે છે. બાકી જ્યાં બે આત્મા વચ્ચે સાચું પ્રેમબંધન હોય છે ત્યાં મૃત્યુ અદબ રાખીને ઊભું રહે છે. ભલે એમનાં શરીર જુદાં પડે, પણ એ પોતે જુદાં પડતાં નથી. મૃત્યુ કેવળ આપણું ઉપલું કવચ જ ફેરવી શકે છે. અંદરનું જે કાંઈ છે તે તો અમર છે.

મૃત્યુને લીધે જુદાં પડવું એ બીજું કાંઈ જ નથી પણ આપણા દિલમાં રહેલા ઈશ્વરે, આકાશમાં વસેલા ઈશ્વર પ્રતિ પ્રયાણ આદર્યું છે એનો એ એકરાર છે. આપણા દેહમાં રહેલા ઈશ્વરને જ્યારે દેહના બંધન બંધનરૂપ લાગે છે અને જ્યારે મુક્ત, વિકાસમય અને અભિનવ પ્રવાસ માટેની એની ઝંખના જાગી ઊઠે છે ત્યારે મૃત્યુ આવે છે, અને એની આંગળીએ આંગળીએ આપણે નવો પ્રવાસ શરૂ કરીએ છીએ.

મૃત્યુને જ્યારે આપણે એ રીતે ઓળખતાં થઈશું ત્યારે કદાચ "મૃત્યુ" નામનો શબ્દ નહિ હોય. જીવન હશે અને 'જીવન પ્રવાસે નીકળ્યું છે' એવી વાતો થતી હશે.

▫ ખલિલ જિબ્રાન